# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

**બહુમાળી ભવન, એ વિંગ , રુમ નં-૧૦૭ થી ૧૧૧, અમરેલી**

**ફોન નં- (૦૨૭૯૨) ૨૨૨૯૩૬**

**E-Mail : amrelideo@gmail.com**

**Website : www.deoamreli.com**


ક્રમાંક:યોજના/ડીઝાસ્ટર/પ્રી-મોન્સુન/૨૦૨૨ પરીપત્ર નં. ૯૯ તા.૦૪/૦૬/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

આ જિલ્લાની માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ.

અમરેલી જિલ્લો

વિષય: પ્રી મોન્સુન પ્લાન અને શાળા સલામતી બાબત.

સંદર્ભ: નાયબ કલેકટરશ્રી અમરેલીની કચેરીમાં આજ રોજ મળેલ બેઠકમાં રૂબરૂ ચર્ચા તથા સૂચના અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આગામી શરુ થનાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩ અંતર્ગત ચોમાસાની ઋતુ દરમિયાન દરેક શાળાઓએ નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે તથા શાળા કક્ષાએ પ્રી મોન્સુન પ્લાન તૈયાર કરી અમલવારી કરવાની રહેશે.

- ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હોય ત્યારે તકેદારીના શાળા કક્ષાએ યોગ્ય પગલા લેવા.
- શાળામાં ઇલેક્ટ્રિક શોટ સર્કિટ ન થાય તે માટે અસરકારક પગલા લેવા.
- શાળામાં જરૂરી જણાય તેવી યોગ્ય મરામત કરાવી લેવી.
- વાવાઝોડા તથા ભારે વરસાદના પગલે ગામલોકાના આશ્રય માટે શાળા તાત્કાલિક ખોલી શકાઈ તેવી વ્યવસ્થા ગોઠવવી.
- વાતાવરણના ફેરફાર વિષે પ્રસાર માધ્યમોથી અવગત રહેવું.
- શાળામાં ફર્સ્ટ એઇડ કીટની સુવિધા તૈયાર રાખવી.
- વિદ્યાર્થીઓને ડીઝાસ્ટર કીટ અને તેના ઉપયોગ વિષે માહિતી આપવી.
- ભારે વરસાદના પગલે ઉચાણવાળા વિસ્તાર અને નીચાણ વાળા વિસ્તારથી વિદ્યાર્થીઓને અવગત કરવા.
- ભારે વરસાદ અને પુરની પરિસ્થિતીમા વાલીના સંપર્કમાં રહી જરૂરી કાર્યવાહી કરવી.
- વહીવટી તંત્રના અધિકારીઓ તથા ગામના આગેવાનો અને સરપંચ અને તલાટી મંત્રીના સંકલનમાં રહી કાર્યવાહી કરવી.
- વાવાઝોડા તથા ભારે વરસાદના પગલે વીજ ઉપકરણોને વીજળીના જોડાણથી દુર કરવા.
- આકસ્મિક રીતે તૂટી પડેલા વીજ વાયરથી દુર રહેવું તથા તાત્કાલિક નજીકની વીજ કંપનીને જાણ કરવી.
- ભારે વરસાદ અને પુરની પરિસ્થિતીમા વિદ્યાર્થીની સલામતીને ધ્યાને લઇ આચાર્યએ વિવેકબુદ્ધિથી નિર્ણય લેવાનો રહેશે.
- ભારે વરસાદ અને પુરની પરિસ્થિતીમા શાળાના તમામ કર્મચારીઓએ પરવાનગી વગર હેડ ક્વાટર્સ ન છોડે તેની તકેદારી રાખવી.
- આચાર્યશ્રીએ સ્થાનિક વહીવટી તંત્રના સંપર્ક નંબર હાથવગા રાખવા તથા સ્થાનિક વહીવટી તંત્રના સંપર્કમાં અને સંકલનમાં રહેવું.
- સરકારશ્રી દ્વારા મળતી વખતો વખતની સુચનાઓનું સંપૂર્ણ પણે પાલન કરવાનું રહેશે.

SPB

જિલ્લા શિક્ષણાધિકારી

અમરેલી

Scanned with CamScanner